# ગુડાને વિવિધ પ્લોટસના વેચાણના આધારે ૩૦૦ કરોડની આવકનો અંદાજ

### બજેટમાં પાણી ગટર , સ્ટ્રીટ લાઇટો ,પ્લે ગ્રાઉન્ડ , સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, નવા ઉદ્યાનો, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સહીતના કામો માટે પણ ખર્ચનુ આયોજન

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ માટે હાલ વિકાસ કામોને વેગ આપવાનુ મુશ્કેલ બન્યુ છે આર્થિક તંગી અનુભવતા ગુડાના તંત્ર દ્વારા આવકના નવા સ્રોત ઉભા કરવા માટે પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જયારે આજે મળેલી બજેટ બેઠકમાં પણ પ્લોટસના વેચાણ કરી આવક ઉભી કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે બજેટના આયોજન મુજબ અડધી આવક પ્લોટના વેચાણ આધારે થાય તેવો પણ અંદાજ છે. ગુડા દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ , પાણી રસ્તા ગટર અને બગીચા સહીતના વિવિધ કામોનો પણ બજેટલક્ષી આયોજનમાં સમાવેશ કરાયો છે.

નવા ગાંધીનગરનો વિસ્તાર મહાનગરપાલિકામાં ભેળવી દેવાયા બાદ ગુડા માટે વિકાસ કામોનુ આયોજન કરવાનુ મુશ્કેલ બન્યુ છે. જયારે આ આર્થિક તંગી નિવારવા માટે એક વર્ષમાં ટી પી વિસ્તારમાં સ્થિત વિવિધ પ્લોટસ વેચી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજની બજેટ બેઠકમાં આ ઉપરાંત પણ અન્ય મહત્વના નિર્ણયો લેવાયા હતા જયારે અન્ય કામો પૈકી સોલાર પ્લાન્ટ , સોલીડ વેસ્ટ, પાણી ગટર , રસ્તા બગીચા સ્ટાફ ક્વાર્ટસ કમ્પાઉન્ડ વોલ, સ્ટ્રીટ લાઈટ સહીતના કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે બજેટમાં આવકના સ્રોત્રમાં જણાંવ્યા મુજબ મિલ્કત વેચાણના આધારે ૩૦૧. ૧૫ કરોડની આવકનો ઉલ્લેખ કરાયો છે. જેમાં વાણિજય અને રહેણાંકના હેતુના

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળનું રૂ. ૬૦૩ કરોડનું બજેટ

### બજેટમાં ૬૧૩.૫૧ કરોડની આવક સામે ૬૦૩.૬૫ કરોડના ખર્ચનો અંદાજ : આવાસ યોજના માટે ૨૦૯ કરોડ અને ગામોમાં વિકાસ કામો પાછળ ૧૫૦ કરોડ થી વધુ ખર્ચ

ગાંધીનગર

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ ની આજે બજેટ બેઠક મળી હતી જયારે આજે રજુ થયેલા આ બજેટમાં રૂપિયા ૧૦ કરોડ જેવી પુરાંત દર્શાવતા બજેટરમાં રૂપિયા ૬૧૩ કરોડની આવક સામે ૬૦૩ કરોડનો ખર્ચ અંદાજ રજુ કરાયો છે. જયારે આ બજેટમાં સૌથી વધુ ખર્ચનું આયોજન આર્થિક નબળા વર્ગના પરિવારો માટે આવાસ યોજનાને અનુલક્ષીને કરવામાં આવ્યું છે જેની પાછળ ૨૦૯ કરોડ અને ૨૬ ગામોમાં વિકાસ કામો પાછળ ૧૫૦ કરોડ થી વધુ ખર્ચ કરાશે

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળના સુત્રોના જણાવ્યા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના જે સુચિત અંદાજ તૈયાર કરવામાં આવ્યા છે. જયારે આ અન્વયે રૂપિયા ૬૧૩.૫૧ કરોડની આવક તથા રૂપિયા ૬૦૩.૬૫ કરોડના ખર્ચ અંદાજ સાથે વાર્ષિક બજેટમાં રૂપિયા ૯.૮૬

● અનુસંધાન પાન-૭ પર



આજકાલ સ્થાનિક રાજકારણ અને કેન્દ્રિય રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. કિરણ પટેલ અને રાહુલ ગાંધી કેસ મામલે વિધાનસભાથી લઈને સંસદ પણ ગુંજી રહી છે. હાલમાં ગુજરાત વિધાનસભાનુ સત્ર ચાલુ છે ત્યારે મહાઠગ કિરણ પટેલ મામલે કોંગ્રેસે વિધાનસભાને ઘેરી હતી અને હલ્લાબોલ કર્યો હતો. કોંગ્રેસે વિવિધ નારા લગાવી કિરણ પટેલના સાથીદારોને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

### સુધારેલી સ્મશાન ભઠ્ઠી બેસાડવાની સહાય યોજના અંતર્ગત

## ગાંધીનગર જિલ્લામાં ૮૩ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવી

### અંતિમ સંસ્કારમાં ઓછા લાકડાનો વપરાશ થાય, તે રીતની સુધારેલી સ્મશાન ભઠ્ઠી બેસાડવાની સહાય યોજના GEDA દ્વારા અમલી

ગાંધીનગર,

રાજ્યના સ્મશાન ગૃહોમાં હિન્દુ સમાજના મૃતક વ્યક્તિઓ માટે અંતિમ સંસ્કારમાં ઓછા લાકડાનો વપરાશ થાય, તે રીતની સુધારેલી સ્મશાન ભઠ્ઠી બેસાડવાની સહાય યોજના ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જીઈડા) દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંગે ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમિયાન થયેલ પ્રશ્નોત્તરીમાં માણસા મતવિસ્તારના જયંતીભાઈ પટેલ તથા દહેગામના બલરાજસિંહ ચૌહાણ દ્વારા ગાંધીનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી અંગે લેખિતમાં પ્રશ્ન પુછાયો હતો.જેનો લેખિતમાં પ્રત્યુત્તર પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યા અનુસાર છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૮૩ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવી છે. જેનો કુલ ખર્ચ ૪૩.૭૩ લાખ રૂપિયા જેટલો થયો છે.

## "૧૦૦ દિવસ સાથ, સહકાર અને સેવાની" આજે ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પછી નવી રચાયેલ ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર આજે ૧૦૦ દિવસ પૂરા કરી રહી છે.

"૧૦૦ દિવસ સાથ, સહકાર અને સેવાના" કાર્યક્રમની આજે ઉજવણી કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીમંડળના સભ્યો તેમજ વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં સચિવાલયના નર્મદા હોલમાં સાંજે ૪ વાગે ઉજવણી કરવામાં આવશે.

૧૦૦ દિવસના દરેક વિભાગોને લક્ષ્યાંક આપવામાં આવ્યા હતા. વંચિત લાભાર્થીઓને શોધવા સહિત સેવા અને સહકારના મંત્ર સાથે સરકારે મેળવેલ સિદ્ધિઓ આ કાર્યક્રમમાં રજુ કરવામાં આવશે.

રાજ્ય સરકારે ૬ શ્રેણીમાં ૯૦ હજાર કરોડના ૫૯ એમ.ઓ.યુ. કર્યા છે અને ૬૫ હજારથી વધુ યુવાનોને રોજગારી મળશે. રાજ્યમાં ઈ.શ્રમિકોને શોધીને તેમની નોંધણી કરવામાં આવી છે. આ ઉપરાંત પી.એમ.જે.વાય. યોજના અંતર્ગત પણ નવા કાર્ડ આપવામાં આવ્યા છે.

આત્મનિર્ભર ગુજરાત બનાવવાના નિર્ણય સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. આ ૧૦૦ દિવસ દરમ્યાન ઘણા બધા મહત્વના નિર્ણયો લેવાયા છે એટલુ જ નહિ તેનો સીધો લાભ સૌ સુધી પહોંચ્યો છે.

આજે આ ઉજવણી માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

## ઈમ્પેક્ટ ફી અંતર્ગત ૧૨૦ અરજીઓ મંજૂર કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ઈમ્પેક્ટ ફી કાયદાની જોગવાઈને આધીન આજ સુધીમાં ૧૨૦ અરજીઓને મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે મનપાને ઈમ્પેક્ટ ફી ને ૨૫૭૦ જેટલી અરજીઓ મળી હતી. તંત્રને મળેલ આ અરજીઓમાંથી ૧૮૮ જેટલા અરજદારોએ ભરવાની થતી ફી ની રકમ ન ભરતાં તંત્રએ ૨૩૮૨ અરજીઓ પર કામગીરી હાથ ધરી છે.

મનપાના વિશ્વનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રને મળેલ અરજીઓમાંથી ૭૩૮ અરજીઓમાં પૂર્તતા માટે જરૂરી કાગળો રજુ કરવા જણાવવામાં આવ્યુ છે.

હાલ ૪૧૯ જેટલી અરજીઓના કાગળોની ચકાસણીની કામગીરી ચાલી રહી છે અને તે એકાદ પખવાડિયામાં પૂર્ણ થઈ જશે.

તંત્રની ટીમો દ્વારા ૪૦૦થી વધુ સાઈટો પર ઈન્સ્પેક્શન કરી અને તે અંગેના અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પછી તે મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં નવ જેટલી અરજીઓ ના મંજૂર કરી અને જે તે અરજદારને તેની જાણ પણ કરી દેવાઈ છે.

અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવા માટે સરકાર ઈમ્પેક્ટ ફી કાયદો લઈ આવી હતી. જે અંતર્ગત તંત્રને આ અરજીઓ મળી હતી. શહેરમાં મળેલ અરજીઓ પર હાલ કાર્યવાહી ચાલી રહી છે.

## શહેરમાં કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા

### શહેરમાં આજે બે મહિલા દર્દી નોંધાઈ : સે. ૩, ૪, ૫,૮ અને ૯ માંથી કેસ મળ્યા : બધા જ દર્દી યુવા વયના : બધા દર્દી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૫ કેસ નોંધાયા છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે ૧૮ કેસ નોંધાયા બાદ આજે એક પણ કેસ ન નોંધાતા તંત્રએ રાહત અનુભવી છે. જો કે શહેરમાં આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. શહેરમાં છુટાછવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓ યુવા છે. આજે શહેરના વિવિધ સેક્ટરોમાં જ કેસ નોંધાયા છે. મહિલા દર્દીઓની

● અનુસંધાન પાન-૭ પર

### ચ-૨ પાસે સે-૮ના કોર્નર નજીક

## પાણીની લાઈનનુ કામ હાથ ધરાતા સ્થળ પર મોટુ ગાબડુ

### પાણીની લાઇનમાં ગમે ત્યારે લીકેજીસની સમસ્યા ઉદભવે તેવી સંભાવના : લીકેજીસને ડામવા ત્વરિત ગાબડુ પુરવા માટે સુચના

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં હાલ પાણી ગટર લાઇન નવી નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે નવી લાઇન નાંખવા સહીત



અનેક ઠેકાણે ખોદકામની આ પ્રવૃતિના લીધે ઘણી વાર અનેક જગ્યાએ ગાબડા અસ્તિત્વમાં આવે છે. શહેરમાં ચ-૨ પાસે સે- ૮ ના કોર્નર નજીક પણ આવી જ સ્થિતિ સર્જાઇ છે. પાણીની લાઇન સંદર્ભે પુશીંગનુ કામ હાથ ધરાતા સ્થળ પર મોટો ખાડો અસ્તિત્વમાં આવ્યો હતો જયારે આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે લાઇનમાં લીકેજીસનુ જોખમ ઉભી થતા ત્વરિત અસરથી ખાડો પુરવા માટે પણ સુચના આપી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં પાણીની નવી લાઇન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે બીજીતરફ ગટર લાઇન પણ મોટાડાયામીટરની નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જુના સેકટરોમાં હાલ આ કામગીરી પ્રગતિ હેઠળ છે. શહેરમાં પાણીની નવી લાઇન નાંખવાનુ કામ છેલ્લા એક દોઢ વર્ષથી ચાલી રહ્યુ છે. જયારે આ કામગીરી દરમિયાન સેકટરોમાં અનેક ઠેકાણે ખોદકામગીરી થતા નાની મોટી સમસ્યાઓ ઉદભવે છે. અગાઉ પણ સેકટરોના રહેણાંક વિસ્તારમાં લાઇનનુ ખોદકામ હાથ ધરવામાં આવતા વિજળીના કેબલો પણ કટ થવાના લીધે વિજપ્રવાહ ખોરવાતો હોવાની ફરિયાદો પણ સ્થાનિકોના રોષનુ કારણ બને છે. જયારે પસાર થતી અન્ય પાણી ગટરની હયાત લાઇનમાં પણ અનેકવાર ભંગાણ થતા સમસ્યા સર્જાય છે. શહેરમાં ચ- ૨ પાસે સે-૮ ના કોર્નર નજીક પણ પાણીના લાઇનની કામગીરી દરમિયાન પુશીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે આ દરમિયાન સ્થળ પર મોટો ખાડો પડી ગયો હતો આ સ્થિતિ વચ્ચે મેટ્રોના લીધે લાઇન

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાની સાથે સાથે ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુને લઈ તંત્રની ચિંતા વધી

### શહેરમાં ડેન્ગ્યુના ૬ કેસ તો સ્વાઈન ફ્લુના ૧૭ કેસ નોંધાયા : મેલેરીયા તંત્રની ટીમોએ ૧ લાખથી વધુ ઘરોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પૂર્ણ કરી દીધુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના કહેર વચ્ચે ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લુના કેસોએ પણ દેખા દેતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ડેન્ગ્યુના ૬ કેસ નોંધાયા છે. માર્ચ મહિનામાં જ ડેન્ગ્યુના ૩ કેસ નોંધાયા છે. અત્યારે ડેન્ગ્યુના કેસ મળતાં જ તંત્ર સતર્ક બન્યુ છે અને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો એક રાઉન્ડ પુરો કર્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી મેલેરીયા તંત્રની ટીમોએ ૧ લાખથી વધુ ઘરોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પૂર્ણ કરી દીધુ છે. આ ઘરોના સર્વેલન્સ દરમ્યાન ૧૪૦૦ જેટલા ઘરોમાંથી ડેન્ગ્યુના પોરા મળી આવતાં તંત્ર દ્વારા પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

તંત્રની ટીમોએ ૩ લાખ જેટલા પાણીના પાત્રોની ચકાસણી કરી હતી અને તે પૈકી ૨૫૦૦ પાત્રોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળ્યા હતા.

ડેન્ગ્યુથી બચવા પાત્રોની સફાઈ રાખવા તેમજ શુ શુ કરવુ જોઈએ તેની જાણકારી પણ લોકોને તંત્રની ટીમો દ્વારા આપવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુની સાથે સ્વાઈન ફ્લુના કેસો પણ મળી રહ્યા છે. ૧૭ જેટલા કેસો સ્વાઈન ફ્લુના નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

હવામાનમાં થઈ રહેલ સતત બદલાવને કારણે વાઈરલ ફિવરના કેસો અને ડેન્ગ્યુ તેમજ સ્વાઈન ફ્લુના કેસો મળતાં તંત્રએ હવે ઉભી થયેલી પરિસ્થિતિ સામે લડવા માટેની રણનીતિ તૈયાર કરી જન જાગૃતિ અભિયાન વેગીલુ કરવાનો નિર્ણય કર્યો છે.

## શહેરમાં ૧૪૦ સ્થાનો પર ગટરોના ઢાંકણા ખુલ્લા જોવા મળ્યા

### મચ્છરોની ડેનસીટી વધતાં મેલેરીયાતંત્રના સર્વેલન્સમાં ચોંકાવનારૂ તારણ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગના દર્દીઓ મળી આવતાં ચોકેલા તંત્રએ એક ખાસ સર્વેની કામગીરી હાથ ધરી હતી. શહેરમાં મચ્છરોની ડેનસીટી વધી હોવાની ફરિયાદોને પગલે તંત્રએ આ સર્વે કર્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કમોસમી વરસાદ પછી પાણી ભરાઈ રહેવાની તેમજ ગટરો ઉભરાવવાની અનેકવિધ ફરિયાદોને પગલે ખુલ્લી ગટરોને લઈ સર્વે કરવામાં આવ્યો હતો.

મેલેરિયાતંત્રની ટીમે કરેલા સર્વેમાં શહેરમાં ૧૪૦ જેટલા સ્થાનોએ ગટરના ઢાંકણા ખુલ્લા હોવાનું જણાઈ આવ્યુ હતુ. ટીમે આ ખુલ્લી ગટરોમાં બળેલા ઓઈલનો છંટકાવ કરી એન્ટી લાર્વેલની કામગીરી કરી હતી. ક્યુસેકલ મચ્છરોની ઉત્પત્તિ ગંદા પાણીમાં થતી હોય છે. આ મચ્છરોની અહિ વધુ ઉત્પત્તિ જોવા મળી હતી. ક્યુલેક્સ મચ્છર કરડતાં જ જે સ્થાન પર કરડ્યો હોય ત્યાં ખુજલી આવે છે અને લાલ ચટાકા જેવુ નિશાન થઈ જાય છે. ક્યુલેક્સ મચ્છર ઉડા ઉડ કરી અને અવાજ પણ વધુ પેદા કરતો હોય છે.

તંત્રએ ખુલ્લી ગટરોને લઈ સત્તાવાળાઓનું ધ્યાન પણ દોર્યુ છે. ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની ઘટનાઓ સતત નોંધાઈ રહી છે અને તેની સફાઈ પણ યોગ્ય રીતે નહિ થતી હોવાની ફરિયાદો લોકજીભે થઈ રહી છે.

શહેરમાં હાલ તો મચ્છરોની ડેનસીટીમાં ક્યુલેક્સ વધુ હોવાનું જણાયુ છે. જો કે હાઉસ ટુ હાઉસ સર્વેમાં એડીસ મચ્છરોના પોરા પણ મળી આવ્યા છે જે ચોંકાવનારી હકીકત છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Children's UNIVERSITY
Advertisement: 04 /2022-23
(Permanent Post–Non-Teaching)

| No. | Name of Post | No. of Post | Category |
|---|---|---|---|
| 1. | Research Assistant | 01 | OPEN |

Note: 1. Eligible candidate shall be required to apply only online from 29/3/2023 4.00 PM at http://recruitment.cugujarat.ac.in/ . The online application can be made from 29/03/2023 (4.00 pm) to 12/ 04/ 2023. (up to 4.00 pm)
2. The details about educational qualification, general instructions etc. are available on the website of Children's University, Gandhinagar. http://recruitment.cugujarat.ac.in/

Place: Gandhinagar
Date: 28/03/2023
Registrar
Children's University

Children's UNIVERSITY
ભાવપત્રકો મેળવવાની જાહેરાત
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કરવાના થતા કેટલાક જરૂરી કામ જેવા કે (૧) ટ્રેક્ટર, પાવડી, જીસીબી, પાણીના ટેન્કર માટેના ભાવપત્રકો (૨) RO પ્લાન્ટની મરામત (૩) સિવિલ અને પ્લમ્બિંગ માટેના જરૂરી સામાન પૂરા પાડવા (૪) સુથાર, પ્લમ્બર, કડિયા, ઈલેક્ટ્રીશયનની સેવા પૂરી પાડવા (૫) પાણીની ટાંકીઓ સાફ કરવા માટેના ભાવપત્રકો મેળવવાના છે. જે માટે તા. ૧૨/૪/૨૦૨૩ સુધીમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પોતાની વિગત જરૂરી દસ્તાવેજ સાથે પહોંચાડવાની રહેશે. વિસ્તૃત માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર મુકવામાં આવેલ છે.
સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૯/૩/૨૦૨૩
કુલસચિવ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com